પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૧, કુલ પાના:૪, તારીખ: ૧૫-૦૯-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 21 PRICE :-RS. 1.50 DATE : 15-09-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

દિવાળી બાદ પણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવાશે: સરકાર

કોરોના મહામારી: રાજ્યમાં દિવાળી સુધી શાળાઓ લૉક

ગાંધીનગર,

એક તરફ અનલોક ૪માં કેન્દ્ર સરકારે ૨૧ સપ્ટેમ્બરથી ધોરણ ૯થી ૧૨ના વર્ગો શરુ કરવાની મંજૂરી આપી દીધી છે, ત્યારે ગુજરાત સરકારે દિવાળી પહેલા સ્કૂલો શરુ નહીં થાય તેવો નિર્ણય લઈ લીધો છે. અનલોકમાં ધીરે ધીરે કરીને બધુ ખૂલી રહ્યું છે. જે નથી ખૂલ્યું તે છે શાળા. જેના પર અનેક સવાલો ઉભા થયા છે. દરેક વાલીને એ પ્રશ્ન સતાવી રહ્યો છે કે, આખરે શાળાઓ ક્યારે ખૂલશે. ત્યારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગુજરાતમાં દિવાળી બાદ જ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરવા અંગે સરકાર વિચારણા કરશે તેવું જણાવ્યું છે. કોરોનાની પરિસ્થિતિમાં સરકારે કહ્યું કે, દિવાળી બાદ રાજ્યમાં કોરોનાની કેવી પરિસ્થિતિ છે તેના આધારે શાળાઓ શરૂ કરવા સંદર્ભે શિક્ષણ વિભાગ વિચારણા કરશે. દિવાળી પછી ગુજરાતમાં શાળાઓ ખૂલશે તેવી શક્યતાઓ છે.

થોડા દિવસ પહેલા જ ડે. સીએમ નીતિન પટેલે જાહેરાત કરી હતી કે કેન્દ્રની ગાઈડલાઈન અનુસાર ગુજરાતમાં ૨૧ સપ્ટેમ્બરથી શાળા શરુ કરવા અંગે હાલ કોઈ અંતિમ નિર્ણય નથી લેવાયો. પ્રેગનેન્સી દરમિયાન માત્ર માતા જ નહીં, બાળકને પણ રક્ષણ

આપે છે થ્રી ઈન વન વેક્સિન.

જો ૨૧મી સપ્ટેમ્બરથી ધો. ૯થી ૧૨ માટે વર્ગો શરુ પણ કરી દેવાયા હોત તો પણ થોડા જ સમયમાં નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારો આવી જાય છે, અને તે દરમિયાન સ્કૂલોમાં લાંબુ વેકેશન પડતું હોય છે. માત્ર ૯થી ૧૨ના વર્ગો શરુ કરવાના બદલે શક્ય છે કે દિવાળી બાદ કોરોનાની સ્થિતિ કેવી રહે છે તે જોઈને સરકાર હવે ત્યારપછી જ સ્કૂલો ફરી ખોલવા અંગે વિચારી શકે છે. ઉલ્લેખનીય છે કે, ૨૧ તારીખથી સ્કૂલો આંશિક રીતે શરુ કરવા અંગેના કેન્દ્ર સરકારના નિર્ણયની વાલીઓ ટીકા કરી રહ્યા છે. ગુજરાતમાં પણ ૨૧મીથી સ્કૂલો ખૂલવી જોઈએ કે નહીં તે અંગે મોટાભાગના વાલીઓ

કેન્દ્ર સરકારે ધોરણ ૯થી ૧૨ના વર્ગો શરુ કરવાની મંજૂરી આપી દીધી છે

અસહમત છે. રાજ્યમાં કોરોનાના રોજેરોજ ૧૩૦૦થી વધુ નવા કેસ આવી રહ્યા છે, ત્યારે બાળકોને સ્કૂલે મોકલવાનું જોખમ લેવા માટે વાલીઓ તૈયાર નથી. કોરોના મહામારી વચ્ચે શાળા ક્યારે ખૂલશે તે અંગે લાંબા સમયથી ચર્ચાવિચારણા ચાલી રહી હતી. અનેક સવાલો ઉઠ્યા હતા. પંરતુ હવે આ વાત પર પૂર્ણવિરામ લાગ્યો છે.

જે પ્રકારે કોરોના કેસ વધી રહ્યા છે, તેના કારણે શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે કે, દિવાળી સુધી આ વિશે કોઈ વિચારણા નહિ થાય. દિવાળી બાદ પણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવાશે. વાલી મંડળના પ્રમુખ નરેશ શાહે આ વિશે જણાવ્યું કે, જે રીતે ગુજરાતમાં કોરોના વધી રહ્યું છે તેને જોતા બાળકોને સ્કૂલે મોકલવા હિતાવહ નથી. ૧ થી ૮ ધોરણના બાળકોની ઈમ્યુનિટી નાજુક હોય છે. તેથી દિવાળી બાદ પણ સ્કૂલ ખોલવા અંગેના મતમાં વાલી મંડળ નથી. હાલ એક સત્ર પતી ગયું છે, અને બીજા સત્રમાં કેવી રીતે સ્કૂલ ચાલે છે તે જોવાનું રહ્યું. તેથી ૧ થી ૮ ધોરણના બાળકોને માસ પ્રમોશન આપી દેવું જોઈએ. આ સાથે જ ૯ અને ૧૧ ના ધોરણને પણ માસ પ્રમોશન આપી દેવું જોઈએ. માત્ર ધોરણ ૧૦ અને ૧૨મી જ પરીક્ષા લેવી જોઈએ. રાજ્યમાં કોરોનાની એન્ટ્રી થઈ ત્યારથી એટલે કે ૧૫ માર્ચથી તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. શાળાઓ બંધ થયા બાદ ફક્ત બોર્ડ પરીક્ષાઓ યથાવત રાખવામાં આવી હતી આમ રાજ્યમાં છેલ્લા ૬ મહિનાથી સ્કુલો બંધ છે. આ સિવાય રાજ્ય સરકાર દ્વારા સિલેબસમાં ઘટાડો કરવા અંગે પણ વિચારવામાં આવી રહ્યું છે.

જો દિવાળી બાદ શાળાઓ શરૂ થાય તો એક સત્રમાં બે સત્રનો અભ્યાસક્રમ પૂર્ણ કરવો અશકય થશે. જેથી રાજયના શિક્ષણ વિભાગ દ્વારા એ સ્થિતિમાં અભ્યાસક્રમમાં ઘટાડો કરવાનું આયોજન પણ કરાઈ રહ્યું છે. અભ્યાસના કેટલા દિવસો વિદ્યાર્થીઓને મળે છે એના આધારે અભ્યાસક્રમમાં ઘટાડો કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, આ અંગે હાલમાં નિર્ણય લઈ શકાય તેમ નથી. શાળાઓ શરૂ થયા બાદ અભ્યાસના બાકી રહેતા દિવસોના આધારે એ નક્કી કરાશે.

કોરોના વેક્સીન ૨૦૨૪ પહેલા દરેકને માટે ઉપલબ્ધ નહીં હોય: સીરમ ઈન્સ્ટિટ્યૂટ

ન્યુ દિલ્હી,

કોરોનાની રસીને લઈ ક્યારની અવઢવ ચાલી રહી છે. રોજ નવા નવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે. તો એક તરફ લોકોમાં પણ ફફડાટ છે કે આખરે સામાન્ય જનતાના હાથમાં આ રસી ક્યારે આવશે. તો આ બધા વચ્ચે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (સીઆઈઆઈ) ના સીઈઓ આદર પૂનાવાલાએ કહ્યું છે કે ૨૦૨૪ પહેલા કોવિડ -૧૯ રસી વિશ્વના તમામ લોકોને ઉપલબ્ધ નહીં થાય. વિશ્વની સમગ્ર વસ્તીને કોરોના વાયરસ રસી આપવા માટે ફાર્મા કંપનીઓ ઝડપથી તેમની ઉત્પાદન ક્ષમતામાં વધારો નથી કરી રહી. તેમણે આપેલા એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે વિશ્વના દરેક વ્યક્તિને કોરોના રસી ઉપલબ્ધ કરવામાં ઓછામાં ઓછા ૪-૫ વર્ષનો સમય

લાગશે. પુનાવાલાએ અનુમાનના આધારે જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિને કોરોના વાયરસની રસીના બે ડોઝ આપવામાં આવે તો તેનો અર્થ એ કે ઓછામાં ઓછા ૧૫ અબજ ડોઝ જેટલી રસી તૈયાર કરવી પડે. આવી સ્થિતિમાં કોવિડ -૧૯ રસી માટે કોઈએ પહેલ કરવાની જરૂર પડશે. જેવી રીતે ઓરીની રસી માટે કરવામાં આવી હતી. તેમણે ભારતમાં COVID-19 રસી વિતરણ અંગે પણ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, અહીં કોલ્ડ ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ ખરાબ હાલતમાં છે. આવી સ્થિતિમાં ૧.૪ અબજ લોકો સુધી સુરક્ષિત રીતે પહોંચવું એ એક મોટો પડકાર હશે.

સીરમ ઈન્સ્ટીટ્યૂટ એક પારિવારીક કારોબાર છે. દુનિયાની પાંચ કંપનીઓ સાથે એનો કરાર છે. એમાં એસ્ટ્રાજેનેકા અને નોવાવૈક્સ પણ સામેલ છે. સીરમે આ બધા સાથે મળીને ૧ અબજ ડોઝ બનાવવાનો અને ૫૦ ટકા ભારતમાં આપવાનો વાદો કર્યો છે. આ કંપની રશિયાની Gamaleya Research Institute સાથે મળીને કરાર પણ કરી શરે છે. કે જેથી સ્પૂતનિક રસીનું પ્રોડક્શન પણ શરુ થઈ શકે.

કોરોનાની રસીના ઉત્પાદન અને વિતરણ અંગે પૂનાવાલાનું નિવેદન મહત્વપૂર્ણ છે કારણ કે વિકાસશીલ દેશોમાં સીરમ ઇન્સ્ટીટ્યૂટ પાસે મોટાભાગની રસીના ઉત્પાદનનો હિસ્સો છે. પૂનાવાલાએ કહ્યું કે, "ઉત્પાદનની બાબતમાં વિશ્વ આ મામલે સારા સમાચાર ઇચ્છે છે પરંતુ મને લાગે છે કે તેને હાંસલ કરવો શક્ય નમથી. એસ્ટ્રાઝેનેકા સાથેના સોદા હેઠળ સીરમ સંસ્થા ૬૮ દેશો માટે અને નોવાવેક્સ સાથે મળીને ૯૨ દેશો માટે રસી વિકસાવી રહી છે.

આદર પુનાવાલા એ સાઈરસ પુનાવાલાનો દીકરો છે કે જે ભારતનો સૌથી સાતમો ધનિક માણસ પણ છે. આદર પુનાવાલાએ કહ્યું કે ગયા અઠવાડિયે ટ્રાયલ દરમિયાન એક માણસ બિમાર હોવાના કારણે AstraZenecaએ ટ્રાયલ રોકી દેવામાં આવ્યો હતો. પરંતુ હવે ફરીથી આ ટ્રાયલ શરુ કરવામાં આવશે.

CM વિજય રુપાણીએ કરાવ્યો કોરોનાનો ટેસ્ટ, લોકોને પણ આપી અપીલ

ગાંધીનગર,

રાજ્યમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે આજે સીએમ વિજય રુપાણીએ પણ પોતાનો ટેસ્ટ કરાવ્યો હતો જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રુપાણીએ પોતે ટેસ્ટ કરાવીને રાજ્યની પ્રજાને પણ ટેસ્ટ કરાવવા માટે અપીલ કરી હતી. પોતાનો વિડીયો પોસ્ટ કરી સીએમે કહ્યું હતું કે ટેસ્ટથી જરાય ગભરાવવાની જરુર નથી.

સીએમે પોતાના વિડીયો મેસેજમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોજના ૭૦ હજારથી વધુ ટેસ્ટ કરવામાં આવે છે, જેમાંથી રોજના માંડ ૧૩૦૦ લોકો પોઝિટિવ નીકળે છે. જેથી ટેસ્ટથી ડરવાની જરુર નથી. સીએમે ટેસ્ટ ઈઝ બેસ્ટ એમ પણ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા કેસોની સંખ્યામાં ભારે ઉછાળો આવ્યો છે. સામે પક્ષે વાયરસને ડામવા માટે સરકાર દ્વારા ખૂબ જ મોટાપાયે ટેસ્ટિંગ પણ શરુ કરાયું છે.

અમદાવાદ-દિલ્હી સહિત સાત નવા રૂટ પર બુલેટ ટ્રેન શરૂ કરવાની તૈયારી

સુરત,

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનની લોકો આતુરતાપુર્વક રાહ જોઈ રહ્યા છે. તેવામાં હવે આગામી સમયમાં કેન્દ્ર સરકારે દિલ્હી-અમદાવાદ સહિત સાત નવા રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ શરૂ કરવાની સંભાવના પર કામ શરૂ કરી દીધું છે. અને આ માટે લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ પણ મોદી સરકાર કરી શકે છે. કોરોના સંકટ વચ્ચે પણ આ અંગે સરકાર દ્વારા એક

મહત્વપુર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર દિલ્હી-વારાણસી (૮૬૫ કિમી), મુંબઈ-નાગપુર (૭૫૩ કિમી), દિલ્હી-અમદાવાદ (૮૮૬ કિમી), ચેન્નાઈ-મૈસુર (૪૫૩ કિમી), દિલ્હી-અમૃતસર (૪૫૯ કિમી), મુંબઈ-હૈદરાબાદ (૭૧૧ કિમી) અને વારાણસી-હાવડા (૭૬૦ કિમી) રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કામ શરૂ કરવાની સંભવાનાને લઈ વિસ્તૃત પરિયોજના રિપોર્ત તૈયાર કરવા માટે મોદી સરકારે આદેશ આપી દીધો છે.

જેના પર કુલ લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. જો કે હાલના સમાચારો પ્રમાણે કોરોના સંકટને કારણે દેશની પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ-મુંબઈ પરિયોજના પૂરી થવામાં વિલંબ થઈ શકે છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના મેનેજિંગ ડાયરેક્ટર અચલ ખેરે જણાવ્યું કે, સરકારે આ સાત નવા કોરિડર માટે ડીપીઆર તૈયાર કરવા માટે કહ્યું છે. રિપોર્ટ તૈયાર થયા બાદ એ નક્કી કરી શકાય છે કે તેના પર કેટલો ખર્ચ આવશે. અને એ પણ જરૂરી નથી કે નવા કોરિડોર જાપાની ટેક્નોલોજીના આધારે જ બનાવવામાં આવે. હાલમાં રેલ્વે બોર્ડના ચેરમેન તેમજ સીઈઓ વી.કે.યાદવે કહ્યું હતું કે,

મુંબઈ-અમદાવાદ રૂટ પર બુલેટ ટ્રેન યોજનાના ટાઈમફ્રેમ પર પુનર્વિચાર કરવામાં આવી શકે છે, કેમ કે કોરોના સંકટના કારણે જમીન અધિગ્રહણમાં વિલંબ થઈ રહ્યો છે. તેઓએ કહ્યું કે, આગામી ૩ કે ૬ મહિનામાં એક પાક્કી ટાઈમલાઈન સામે આવી જશે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે ડિસેમ્બર ૨૦૨૩ની ડેડલાઈન નક્કી કરવામાં આવે છે. પણ પોતાની ટાઈમલાઈન પ્રમાણે આ પ્રોજેક્ટ પુર્ણ થઈ શકશે તેમ લાગતું નથી.

બેંકોએ ૪૨ લાખ લઘુ એકમો માટે ૧.૬૩ લાખ કરોડ રૂપિયા મંજૂર કર્યા

ન્યુ દિલ્હી,

બેંકોએ માઈક્રો, સ્મૉલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીઝ (એમએસએમઈ) ક્ષેત્ર માટેની ત્રણ લાખ કરોડ રૂપિયાની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગૅરન્ટી સ્કીમ (ઈસીએલજીએસ) હેઠળ ૪૨ લાખથી પણ વધુ વેપાર એકમોને કુલ ૧.૬૩ લાખ કરોડ રૂપિયાની લોન મંજૂર કરી હોવાનું નાણા મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું.જોકે, કોવિડ-૧૯ની મહામારી અને એને પગલે લાગુ કરાયેલા લૉકડાઉનને લીધે ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં પચીસ લાખ એમએસએમઈ યુનિટોને ૧.૧૮ લાખ કરોડ કરતાં વધુ રૂપિયા છૂટા કરવામાં આવ્યા હતા.મે મહિનામાં નાણાં પ્રધાન નિર્મલા સીતારામન દ્વારા જાહેર કરવામાં આવેલી ૨૦ લાખ કરોડ રૂપિયાની 'આત્મનિર્ભર ભારત અભિયાન' યોજના હેઠળ છૂટી કરવામાં આવેલી આ સૌથી મોટી રકમ છે. નાણાં મંત્રાલયે આત્મનિર્ભર અભિયાન હેઠળની વિવિધ યોજનાઓના અમલમાં થયેલી પ્રગતિની વિગત શૅર કરવાની સાથે નિવેદનમાં જણાવ્યું હતું કે '૧૦ સપ્ટેમ્બરના રોજના આંકડા મુજબ જાહેર ક્ષેત્રીય બૅંકો તથા ૨૩ પ્રાઈવેટ બૅંકોના આંકડા અનુસાર ૪૨,૦૧,૫૭૬ ધિરાણ લેનારાઓને કુલ ૧,૬૩,૨૨૬.૪૯ કરોડ રૂપિયાનું વધારાનું ધિરાણ મંજૂર કરાયું છે. એમાંથી ૨૫,૦૧,૯૯૯ એકમોને ૧,૧૮,૧૩૮.૬૪ કરોડ રૂપિયા છૂટા કરવામાં આવ્યા છે.

નાણાં મંત્રાલયે ઈકમ ટૅક્સના રિફંડ સંબંધમાં કહ્યું હતું કે '૧ એપ્રિલ, ૨૦૨૦થી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં ૨૭.૫૫થી પણ વધુ કરદાતાઓને ૧,૦૧,૩૦૮ કરોડ રૂપિયા મોકલી દેવાયા છે.

સંસદ સત્ર: મીનાક્ષી લેખી સહિત ૧૭ સાંસદો બન્યા કોરોનાનો શિકાર

ન્યુ દિલ્હી,

ચોમાસુ સત્રના પ્રથમ દિવસે ૧૭ સાંસદો કોરોના વાયરસથી પોઝિટિવ મળ્યા છે. બધાની સંસદ શરૂ થતા પહેલા કોરોનાની તપાસ કરવામાં આવી હતી. અત્યાર સુધી થયેલી તપાસમાં ભાજપના સાસંદ મીનાક્ષી લેખી, અનંત કુમાર હેગડે અને પ્રવેશ સાહિબ સિંહ સહિત ૧૭ સાંસદો કોરોના પોઝિટિવ થયા છે. પોઝિટિવ સાંસદોમાં સુખબીર સિંહ, પ્રતાપ રાવ જાધવ, જનાર્દન સિંહ, હનુમાન બેનીવાલ, સેલ્વમ જી, પ્રતાપ રાવ પાટિલ, રામશંકર કઠેરિયા, સત્યપાલ સિંહ સહિત અન્ય પણ સામેલ છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એલ. ડી. રાઠોડ
તરફથી અભીનંદન....
મુ. જેપુરા,
તા. હાલોલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એ. જે. પટેલ
તરફથી અભીનંદન....
મુ. કંટેલી,
તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોકટરને જાણ કરો.
ધી રંધીકપુર લેમ્પસ મંડળી
કાળુભાઈ
મુ. મોટા આંબલીયા, તા.સીંગવડ
રમેશ - લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોકટરને જાણ કરો.
ધી રંધીકપુર વિ.મો.ક.ખે. વિ. મંડળી
તારસીંગભાઈ
મુ. વાલાગોટા, તા.સીંગવડ
રમેશ - લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોકટરને જાણ કરો.
ધી રંધીકપુર લેમ્પસ મંડળી
મુ. ભૂત ફળિયા - મેથાણ, તા.સીંગવડ
રમેશ - લીમખેડા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

મહીસાગર જિલ્લામાં આજે ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૦૯-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૮૨૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૨ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૧૧ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૨૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૭ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૩૭૪૨૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૭૦ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૫ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૦ દર્દી હોમ આઇસોલેશન, ૦૧ સીવીલ હો.અમદાવાદ, ૦૫ પ્રાઇવેટ હોસ્પિટલ અમદાવાદ, ૧૫ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૬ દર્દી SDH સંતરામપુર, ૦૧ દર્દી અલ હાયાત ગોધરા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૫ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

કોવિડ-૧૯ની પરિસ્થિતીમાં મેડીકલ ઓક્સીજનનીમાંગને પહોચી વળવા જાહેરનામુ

લુણાવાડા,

કોવિડ-૧૯ની મહામારી અંતર્ગત તાજેતરમાં કોરોનાના દર્દીઓની સારવારમાં મેડીકલ ઓક્સીજન ખુબ જ મહત્વપુર્ણ છે એટલું જ નહી આવા દર્દીઓની વધતી જતી સંખ્યાના કારણે મેડીકલ ઓક્સીજનની માંગ ખુબ જ વધી છે. આવા સંજોગોમાં મેડીકલ ઓક્સીજનની માંગને પહોચી વળવા રાજયમાં વિશેષ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ ઓક્સિજન ઉત્પાદક એકમો માત્ર ૫૦% સુધીનો જ ઓક્સીજન ઔદ્યોગીક વપરાશ માટે આપી શકશે. તે ઉપરાંત અનિવાર્ય સંજોગોમાં જો મેડીકલ ઓક્સીજનની તાકીદે જરૂરીયાત ઉભી થાય તો પ્રથમ પ્રાથમિકતા મેડિકલ ઓક્સીજનને આપવાની રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ આઇપીસી કલમ ૧૮૮ મુજબ છ મહિનાની સજા તેમજ દંડની જોગવાઈ છે તેમ ખોરાક અને ઔષધ નિયમન કમિશ્નર ડો. એચ.જી.કોશિયાએ જણાવ્યું છે.

ગુજરાત રાજયમાં મેડીકલ ઓક્સીજનનો હાલમાં વપરાશ આશરે ૨૫૦ ટન જેટલો છે અને મેડીકલ ઓક્સીજનના લાયસન્સ ઉત્પાદકોકુલ ૫૨ (બાવન) છે. તેમજ રાજયમાં ઔધોગિક ઉત્પાદન કરતા ઉત્પાદકો આશરે ૫૦ (પચાંસ) કાર્યરત છે. મેડીકલ ઓક્સીજનની વધતી જતી માંગને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે જાહેરનામુ બહાર પાડીને ચોક્કસ નિર્દેશો જાહેર કર્યા છે. જે અન્વયે ગુજરાત રાજયના ઓક્સીજનના ઉત્પાદકોએ કોરોનાની મહામારીને પહોંચી વળવા તેઓની મહત્તમ ક્ષમતા મુજબ અવિરતપણે ઓક્સીજનનુ ઉત્પાદન કરવાનુ રહેશે. તેઓના કુલ ઉત્પાદનના ૫૦% ઓક્સીજન ફરજિયાતપણે મેડીકલ ઓક્સીજનના ઉત્પાદન માટે ફાળવવાનો રહેશે.

ઉત્પાદક એકમો માત્ર ૫૦% સુધીનો ઓક્સીજન ઔધોગીક વપરાશ માટે આપી શકશે. આમ, છતા અનિવાર્ય સંજોગોમાં જો મેડીકલ ઓક્સીજનની તાકીદે જરૂરીયાત ઉભી થાય તો પ્રથમ પ્રાથમિકતા મેડિકલ ઓક્સીજનને આપવાની રહેશે. આ જાહેરનામાના ભંગ બદલઆઈપીસી કલમ૧૮૮ મુજબ કસુરવારો સામે છ મહિનાની સજા તેમજ દંડની જોગવાઈ છે જેની અમલવારી માટે કડક ચેકીંગ સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેમ કોશિયાએ જણાવ્યું છે.

કોરોના મહામારીના સમયમાં ૩૦ રકતદાતાઓએ રકતદાન કરી ઉમદા કાર્ય કર્યું


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં લુણાવાડા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મઘવાસના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર મોટાસોનેલા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો. સુમિત્રાબેન, ડો. કલ્પેશ સુથાર, સી.એચ.ઓ નીલમબેન અને તેમની ટીમ તેમજ રેડક્રોસ સોસાયટીની ટીમ દ્વારા રકતદાન કેમ્પ યોજાઈ ગયો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઇડલાઇનના દિશાનિર્દેશોનું પાલન અને ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું. જેથી કોઈ પણ રકતદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રકતદાતાઓ જયારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઇ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂ આયોજન કર્યું હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ રકતદાન કેમ્પમાં ૩૦ યુનિટ બ્લડ કલેક્શન કરવામાં આવ્યું હતું. રકતદાન એ શ્રેષ્ઠ મહાદાન છે જે કોરોનાના દર્દી, એનેમિક સગર્ભા બહેનો અને થેલેસેમિયાના દર્દીઓને પણ જરૂર પડે તો આ સંગ્રહ કરેલ રકતનો પ્રવાહ પહોંચાડી શકાય તે માટે કોરોના મહામારીના સમય વચ્ચે પણ આ રકતદાન કેમ્પ જન ઉપયોગી બની રહ્યો હતો.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, જિલ્લામાં કોરોનાની આ વૈશ્વિક મહામારી તથા લોકડાઉન અને અનલોક દરમિયાન પણ જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા રકતદાન પ્રવૃત્તિ અવિરતપણે ચાલી રહી છે. જેના ભાગરૂપે મે-૨૦૨૦ થી આજદિન એટલે કે તા. ૧૨મી સપ્ટેમ્બર સુધીમાં જિલ્લામાં ૨૧ જેટલા રકતદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૨૧ રકતદાન કેમ્પોમાં ૯૬૧ રકતદાતાઓએ રકતદાન કરી રકતદાન મહાદાનના મંત્રને સાર્થક કર્યો છે.

લુણાવાડામાં આશા કર્મચારીઓ દ્વારા

વિવિધ વિસ્તારોમાં આયુર્વેદિક ઉકાળાનું અને આર્સનિક આલ્બમની ગોળીનું વિતરણ કરાયું

લુણાવાડા,

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી સંબંધિત તાલુકાના લાયઝન અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર, મામલતદારના માર્ગદર્શન હેઠળ અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડા તેમજ અર્બન આશા કર્મચારીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં કોરોના વાયરસ અંગેની જાણકારી આપવામાં આવી હતી. તેમજ નાગરિકોની રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે આયુર્વેદિક ઉકાળાનું તેમજ હોમિયોપેથીક આર્સેનિક આલ્બમ-૨૦૦ના સિંગલ ડોઝની ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કર્મચારીઓ દ્વારા કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે તમામને સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્કની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે તેમજ માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા સમજાવવામાં આવ્યા હતા.

મહીસાગર જીલ્લામાં "પોષણ માહ ૨૦૨૦" ઉજવણી દરમિયાન પોષણના સંદેશ સમજાવતા પોષણ તોરણ બનાવામાં આવ્યા

તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

રાજય સરકાર દ્વારા ગુજરાતમાં કુપોષણમાં ઘટાડો થાય અને સ્વસ્થ અને તંદુરસ્ત બાળક આવતીકાલનું ભવિષ્ય બને તે માટે દર વર્ષે "પોષણ માહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રોગ્રામ ઓફિસરમતી શિલ્પાબેન. એ ડામોરની રાહબરીમાં આંગણવાડીઓમાં સોશિયલ મીડિયાના માધ્યમથી "પોષણ માહ ૨૦૨૦"ની ઉજવણી કરવામાં આવી રહી છે.આંગણવાડી કેન્દ્રોમાં પૂર્ણા સખી અને સહસખી દ્વારા પોષણ સંદેશાના તોરણ બનાવી "પોષણ માહ અંગેના સંદેશ લખી પોષણ જાગૃતિ માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા.સપ્ટેમ્બર માસ દરમિયાન સમગ્ર જીલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પોષણ અભિયાનને સફળ બનાવવાંમાં ગૃહ મુલાકાત,સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર,વેબીનાર,પૂર્વ પ્રસૂતિ તપાસ,સુખડી વિતરણ, હેન્ડ વોશ નિર્દેશન જેવી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આ વર્ષે પોષણ માહ દરમિયાન પ્રથમ ૧૦૦૦ દિવસ ,અનેમિયા,ઝાડા નિયંત્રણ,હેન્ડ વોશ અને સેનિટેશન અને પોષ્ટિક આહારનો સમાવેશ કરવામાં આવ્યો છે. પોષણ માહ ૨૦૨૦ માં પાંચ બાબતો પર મુખ્ય ભાર મુકવામાં આવ્યો છે.તેમજ પુર્ણા સખી અને સહસખી અને કિશોરીઓ દ્વારા પોષણ તોરણ બનાવામાં આવ્યા અને તેના ઉપર મુખ્ય ૬ સંદેશા લખવામાં આવ્યા. જેમાં સ્વચ્છતા,આઈ.એફ.એ ગોળીઓ,કૃમિનાશક ગોળીઓ,ટી.એચ.આર ,પોષણ યુકત આહાર,મમતા દિવસના સંદેશાઓ પોષણ તોરણ ઉપર લખી અતિ કૂપોષિત બાળકો અને જોખમી સગર્ભા માતાઓને આ પોષણ તોરણ આપવામાં આવશે અને સાથે સાથે સંદેશની સમજ પણ આપવામાં આવશે.આમ મહીસાગર જીલ્લામાં સોશિયલ મીડિયા દ્વારા વિવિધ પ્રવૃતિઓ પર "પોષણ માહ ૨૦૨૦" ની ઉજવણી કરવામાં આવી રહી છે.

મહિસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાઘરની ભરતીમાં ભ્રષ્ટાચાર આચરાયાનો આક્ષેપ

લુણાવાડા,

મહિસાગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો માટે કાર્યકર અને તેડાઘરની ભરતી માટે દૈનિક પેપરમાં તથા ઓનલાઈન જાહેરાત આપવામાં આવી હતી. જેમાં ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરી સાઘનિક કાગળો પણ ઓનલાઈન અપલોડ કરવા જણાવતા ઉમેદવારોએ ઓનલાઈન અરજીઓ કરી જણાવેલ ડોકયુમેન્ટો અપલોડ કર્યા હતા. ત્યારબાદ અયોગ્ય મેરિટ લિસ્ટ બહાર પડતા ઉમેદવારોમાં રોષ જોવા મળતા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા ઉમેદવારોને વાંધો હોય તો ફરી એકવાર ઓનલાઈન રજુઆત કરવા જણાવેલ જેથી મોટી સંખ્યામાં ઉમેદવારોએ વાંધા રજુ કરતા આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા પત્ર લખી તા.૧૧ સપ્ટે.ના રોજ ૧૧ વાગ્યે હાજર રહેવા જણાવતા મોટી સંખ્યામાં ઉમેદવારો હાજર રહ્યા હતા. પરંતુ સાંજે ૫ વાગ્યા સુધી કોઈપણ જાતના ડોકયુમેન્ટની ચકાસણી કરવામાં આવી ન હતી. તેમજ અધિકારીઓ દ્વારા મૌખિક રજુઆતો પણ સાંભળવામાં આવેલ ન હતી. ત્યારે આ ભરતી પ્રક્રિયામાં ગેરરિતી થઈ હોવાના ઉમેદવારો આક્ષેપો લગાવી રહ્યા હતા. જયારે ભરતી કરનાર અધિકારીઓ જ ભ્રષ્ટાચાર કરે છે તો આંગણવાડી કેન્દ્રો પર પણ ભ્રષ્ટાચાર ચાલતો હશે તેવી ચર્ચાઓ થઈ રહી હતી.

કડાણા ડેમનું પાણી સંતરામપુરમાં ન મળતા નગરજનોને મુશ્કેલીઓ

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકાની કડાણા ડેમ આધારિત પાણી પુરવઠા યોજનામાંથી ભર ચોમાસામાં પણ નગરજનોને નિયમિત પાણી મળતુ નથી. સંતરામપુરના નગરજનોને ભરચોમાસે પીવાનુ પાણી બે દિવસે એકવાર મળે છે. રોજેરોજ ઘર વપરાશ અને પીવાનુ પાણી નહિ મળતા નગરજનો પાણીની મુશ્કેલી અનુભવી રહ્યા છે. કડાણા ડેમ ભરાઈ જતા પાણીનો પુરતો પુરવઠો છે. તેમ છતાં સંતરામપુર નગરપાલિકા નિયમિત પાણી આપી રહી નથી. બે દિવસે એકવાર અપાતુ પાણી પણ ઓછા ફોર્સથી કેટલાંક વિસ્તારોમાં મળતુ હોવાથી લોકો પાણી માટે ભર ચોમાસામાં મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે.

કોરોનાએ મચાવ્યો હાહાકાર, ૨૪ કલાકમાં ૯૨ હજાર કરતા વધુ નવા દર્દીઓ

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૪૮ લાખને પાર થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૯૨,૦૭૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧,૧૩૬ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૪૮,૪૬,૪૨૮ થઈ ગઈ છે. વિશેષમાં, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૭ લાખ ૮૦ હજાર ૧૦૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૮૬,૫૯૮ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૯,૭૨૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. વિશેષમાં, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૩૭ લાખ ૮૦ હજાર ૧૦૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૮૬,૫૯૮ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૭૯,૭૨૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. નોંધનીય છે કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ સોમવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૩ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૫,૭૨,૩૯,૪૨૮ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, રવિવારે ૨૪ કલાકમાં ૯,૭૮,૫૦૦ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. બીજી તરફ, ગુજરાતમાં કોરોના વાયરસની સ્થિતિ વધારે ખરાબ થતી જાય છે. રવિવારે ગુજરાતમાં કોરોનાના ૧૩૨૬ નવા કેસ, આજના નવા કેસ સાથે રાજયમાં અત્યાર સુધી નોંધાયેલા કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૧,૧૩,૬૬૨ થઈ છે. આ સાથે સમગ્ર દેશમાં આજે કોરોનાના નવા દર્દીઓની સંખ્યાના મામલે ગુજરાત ૧૯માં ક્રમે આવી ગયું છે. આજે રાજયમાં કોરોના વાયરસના સંક્રમણથી વધુ ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો રાજયમાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૩૨૧૩ થયો છે. તો બીજી બાજુ સારવાર બાદ ૧૨૦૫ કોરોનાગ્રસ્ત દર્દીઓ સાજા થતા હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધી રાજયમાં ૯૪ હજારથી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓ સાજા થયા છે. હાલ રાજયમાં કોરોનાના ૧૬,૪૩૯ એક્ટિવ કેસો, એટલે કે આટલા દર્દીઓ સારવાર હેઠળ છે. રાજયમાં કોરોનાનો રિકવરી રેટ ૮૨.૭૧ ટકા થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા ૧૬,૪૩૯ છે, હાલ ૮૭ દર્દીઓ વેન્ટિલેટર પર છે.

૧૧૩૬ના મૃત્યુ સાથે દેશમાં મૃત્યુઆંક ૭૯૭૨૨એ પહોંચ્યો

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૫-૯-૨૦૨૦, મંગળવાર, ભાદરવા વદ-૧૩
સૂર્યોદય-૬-૩૫, સૂર્યાસ્ત-૬-૫૦, જૈન નવકારશી-૭-૨૩,
આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પૂષ્ય

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	- શુભ ચોઘડીયા - અભિજીત-૧૨-૧૮થી ૧૩-૦૭ સુધી, ૬-૩૫ થી અમૃત-૮-૦૬ સુધી, ૯-૩૮થી શુભ-૧૧-૧૦ સુધી, ૧૪-૧૪ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૧૮ સુધી - શુભ હોરા- ૬-૩૫ થી ૭-૩૬ સુધી, ૮-૩૭થી ૯-૩૮ સુધી, ૧૧-૪૧ થી ૧૪-૪૫ સુધી, ૧૫-૪૬થી ૧૬-૪૭ સુધી

દૈનિક રાશીફળ

તા.૧૫.૦૯.૨૦૨૦ મંગળવાર

મેષ(અ.લ.ઈ.):-આત્માવિશ્વાસ વધારવો અગત્યના કાર્યો બાબત નિર્ણય લઇ શકાય નોકરીમાં લાભ કર્જ ન કરવું.

વૃષભ(બ.વ.ઉ.):-કોર્ટ કચેરી સંબંધિત કાર્યોમાં સુખદ ઉકેલ આવવાની શકયતા. અધિકારી વર્ગ સાથે આત્મીયતા રાખવી.

મિથુન(ક.છ.ઘ.):-હૃદયસ્પર્શી શુભાશુભ ઘટના બને યુવા વર્ગને મનગમતી વ્યકિતની મુલાકાત થાય પ્રવાસનો યોગ.

કર્ક(ડ.હ.):-આત્મવિશ્વાસને કાબુમાં રાખવો જરૂરી પરિવારનાં સભ્યો સાથે દલીલબાજીથી દૂર રહેવાની સલાહ છે.

સિંહ(મ.ટ.):-લખાણ કે દસ્તાવેજોના કાર્યોમાં સફળતા સમાજીક પ્રતિષ્ઠા વધે. નોકરીમાં ઉપર વર્ગ સાથે ચર્ચા થાય.

કન્યા(પ.ઠ.ણ.):-આવકનું પ્રમાણ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત સામાન્ય પ્રશ્નો રહે ગુસ્સાને કાબુમાં રાખજો.

તુલા(ર.ત.):-દિવસ દરમ્યાન માંગલીક કાર્યોમાં સફળતા રહે. કાર્યક્ષેત્રેનો વિકાસ થાય. શેર સાટ્ટામાં અનુકુળતા રહે.

વૃશ્ચિક(ન.ય.):-નવા રોકાણની ઈચ્છા ફળવાની નોકરીમાં મનગમતી જગ્યા મલે અંધશ્રધ્ધાથી દુર રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.):-સંતાનોની પ્રગતિ રહે. સંસ્થામાં સારો હોદ્દો મલે રાજકીય લાભ માનસિક તનાવ હળવો થાય નવી યોજનામાં લાભ.

મકર(ખ.જ.):-લગ્નજીવનમાં ગેરસમજોની શકયતા વિદેશથી લાભ મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ન ધારેલી સફળતા.

કુંભ(ગ.શ.સ.):-વિલવારસાના પ્રશ્નોમાં અનુકુળતા રહે. મિત્રોનો સહકાર મલવાનો. નોકરીમાં કોઈ મહત્વના પરિવર્તન રહે.

મીન(દ.ચ.ઝ.):-આવક વધારવાના પ્રયત્નો ફળે સરકારી કાર્યોમાં અનુકુળતા માતુશ્રીનો સહકાર સારો રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

ઝાલોદ તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઈજનેર દ્વારા

કરોડોનો ભ્રષ્ટાચાર આચર્યાનો આક્ષેપ સાથે તપાસની માંગ

ઝાલોદ,

ઝાલોદ તાલુકા પંચાયતના અ.મ.ઈ(અધિક મદદનીશ ઈજનેર) પંકજ નાયક દ્વારા કરોડોના ભ્રષ્ટાચાર આચાર્યાના આક્ષેપો સાથે ઝીણવટ ભરી તપાસની માંગ કરાઈ માજી તાલુકા સભ્ય દ્વારા મુખ્યમંત્રી સહિત સંબધિત વિભાગો પાસે તપાસની માંગ કરવામાં આવતા પંથકમાં ચકચાર મચી,ગરાડું ગ્રામ પંચાયતમાં ચાલી રહેલી વિજિલન્સ તાલુકાના અન્ય ગામોમાં ફરે તો કરોડો નો ભ્રષ્ટાચાર છતો થાય તેમ છે.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઝાલોદ તાલુકા પંચાયતના અ.મ.ઈ પી એન નાયક દ્વારા તાલુકા પંચાયતમાં ચાલતી વિવિધ યોજનાઓમાં કોઈ પણ તપાસ વિના જ બારોબાર બિલ ફાળવી અને એક જ કામના વિવિધ યોજનાઓમાં બિલ મંજૂર કરી તથા વિવિધ એજન્સી સાથે મળી અને અધૂરા કામના પૂરા બિલ બનાવી મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો. હોવાના આક્ષેપ તાલુકા પંચાયતના માજી સભ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી પાસે આ અંગે વિજિલન્સ તપાસ ની માંગ પણ કરવામાં આવી હતી.

ઝાલોદ તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે.અને આથી જ આ વિસ્તારનો વિકાસ વિવિધ મોરચે કરવામાં આવે તેવો સરકાર નો આશય રહેતો હોય છે.પરંતુ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા વિસ્તારના વિકાસમાં ભ્રષ્ટાચારનો રોડો નાખી અને વિકાસની ગાડીને અટકાવતા હોય છે. આવું જ કઈ તાલુકા પંચાયત ઝાલોદના અમઈ પી એન નાયક દ્વારા ઝાલોદ તાલુકા માં છેલ્લા બે વર્ષ ના સમયગાળામાં કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ તાલુકા પંચાયત ના માજી સભ્ય અનીતાબેન મછાર દ્વારા કરવામાં આવ્યો છે. તો આ અંગે તપાસ માંગતો પત્ર પણ પુરાવાઓ સહિત મુખ્યમંત્રી સહિત વિવિધ વિભાગો માં તથા અધિકારીઓ ને પાઠવવામાં આવ્યો છે.

જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ તથા વર્ષ ૨૦૧૯-૨૦ માં નાણાં પંચ, નરેગા, ટીએસપી તથા એટિવિટીના કામોમાં એક જ કામના બીલો લઈ અને સરકાર તથા લાભાર્થીઓ સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તો સાથે સાથે બનવવામાં આવેલા કુલ ૪૦૦ થી વધુ બોર નિયત કરેલા માપ થી ઓછા માપમાં ખોદવામાં આવ્યા હોવાનું પણ કહેવામાં આવ્યું છે. જેનું બિલ વિવિધ એજન્સીઓ સાથે મેલાપીપણાથી પૂરૂં લેવામાં આવ્યું છે. જેને પગલે સરકાર દ્વારા પાણી માટે ખર્ચેલા પૈસા પાણી માં ગયા હોય તાલુકા માં પાણી ની સમસ્યા પણ હાલ ઉદભવી રહી છે.આથી આ અંગે ઝીણવટ ભરી તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

આ અંગે વિવિધ પુરાવાઓ પણ રજૂ કરી અને તપાસની માંગ કરવામાં આવતા તાલુકા પંચાયત માં બે વર્ષ ના સમયગાળા માં અધિકારીઓ તથા એજન્સીઓ દ્વારા કરવામાં આવેલો કરોડો નો ભ્રષ્ટાચાર છતો થાય તેમ છે.

> છેલ્લાં બે વર્ષ માં વિવિધ યોજના મા તાલુકા પંચાયતના ઈજનેર પી.એન.નાયક દ્વારા કરોડોનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. જે અંગે સરપંચો ની પણ રજૂઆતો છે. આથી તપાસ ની માંગ કરવામાં આવી છે. તો સાથે સાથે ઈજનેર નાયક ની મિલકત અંગે પણ તપાસ ની માગ અમો એ સંબધિત તંત્ર પાસે થી માંગેલ છે. જે અંગે તપાસ કરતા દૂધ નું દૂધ અને પાણી નું પાણી થઈ જશે.

TDO દ્વારા ત્રણ કારણ દર્શક નોટિસ છતાં પણ અમઈ કચેરીમાં 3 મહિનાથી ન આવ્યા

> અમઈ નાયક નાણાં પંચના કામોમાં ગેરરીતિ આચરી અને ખોટા બિલ બનાવતો હોવાથી સ્થાનિક નેતાઓ દ્વારા આ અંગે વિવિધ પૂછ પરછ કરવામાં આવતી હોવાથી પૂછપરછ ના ડર થી તાલુકા પંચાયત કચેરીમાં હાજર રહેતો ન હોવાથી ટીડીઓ દ્વારા ત્રણ વખત કારણ દર્શક નોટિસ પાઠવવામાં આવી હતી, તેમ છતાં તેઓ હાજર રહ્યા ન હતા અને દાહોદ ખાતે બદલી કરાવી દીધી હતી. આ બદલી માં જિલ્લા ના મોટા અધિકારી ની સાંઠગાંઠ હોવાનું પણ કહેવાય છે ત્યારે આ અંગે પણ તપાસ થાય તે જરૂરી છે.
>
> ઝાલોદ તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા અ.મ.ઈ દ્વારા ભ્રષ્ટાચાર આદરી સરકારી તિજોરીને ચૂનો ચોપડયો છે જેની તપાસ થવી અનિવાર્ય છે.
>
> **અનીતાબેન મછાર**
> **(પૂર્વ તાલુકા પંચાયત સભ્ય તાલુકા પંચાયત, ઝાલોદ)**

દાહોદ જીલ્લામાં આજરોજ ૨૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૨૩ કોરોના દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૪૧૪ ને પાર થવા પામ્યો છે અને એક્ટીવ કેસની સંખ્યા ૧૯૪ પહોંચી છે. દાહોદ શહેર સહિત હવે જિલ્લાના ગ્રામીણ વિસ્તાર તરફ પણ આ કોરોના સંક્રમણનો પગપેસારો થતાં આરોગ્ય તંત્રની કામગીરીમાં વધારો થયો છે ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લામાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૬૩ ને પાર થવા પામ્યા છે.



જીલ્લામાં અત્યાર સુધી ૧૪૧૪ નોંધાયા

આજે ૨૩ કોરોના પોઝીટીવ પૈકી (૧) મગનભાઈ દલસુખભાઈ બારીયા (ઉ.૫૯ રહે. ધુના દે.બારીયા), (૨) નિલેશભાઈ સરૈયા (ઉ.૪૫ રહે. ગોવીંદનગર દાહોદ), (૩) સકીનાબેન કેઝારભાઈ હરારવાલા (ઉ.૩૩ રહે. ઠક્કર ફળીયા દાહોદ), (૪) આકલુક અશ્વિનકુમાર શાહ (ઉ.૪૨ રહે. ગોવીંદનગર દાહોદ), (૫) હિરલબેન જસ્મીનકુમાર પટેલ (ઉ.૨૫ રહે. ગોવીંદનગર દાહોદ), (૬) સુમનબેન મદનલાલ મોદી (ઉ.૫૫ રહે. લીમડી ઝાલોદ), (૭) શાહ હિતેન્દ્ર પરસોત્તમ (ઉ.૫૩ રહે. ગામતળ ફળીયુ ગાંગરડી), (૮) શાહ અલ્કાબેન હિતેન્દ્ર (ઉ.૫૦ રહે. ગામતળ ફળીયુ ગાંગરડી), (૯) જાસ્મીનકુમાર છત્તારસિંહ પટેલ (ઉ.૨૮ રહે. ગોવીંદનગર દાહોદ), (૧૦) લબાના કનૈયાલાલ સબરાજભાઈ (ઉ.૭૫ રહે. લબાના ફળીયા લીલવા દેવા), (૧૧) લબાના પિતાંબરીબેન કનૈયાલાલ (ઉ.૭૦ રહે. લબાના ફળીયા લીલવા દેવા), (૧૨) લબાના રવિન્દ્રભાઈ કનૈયાલાલ (ઉ.૪૪ રહે. લબાના ફળીયા લીલવાદેવા), (૧૩) લબાના ભાનુબેન રવિન્દ્રભાઈ (ઉ.૪૪ રહે. લબાના ફળીયા લીલવાદેવા), (૧૪) રાવત દિવ્યાબેન આર (ઉ.૪૩ રહે. માળ ફળીયુ અગારા), (૧૫) કટારા પિનાબેન ટી (ઉ.૩૮ રહે. દાહોદ), (૧૬) પંચાલ સંદિપભાઈ દયાશંકર (ઉ.૫૩ રહે. ભરત ટાવર નજીક ઝાલોદ), (૧૭) મોદી વિશાલ કનૈયાલાલ (ઉ.૨૮ રહે. મહેસુલી કવાર્ટર દે.બારીયા), (૧૮) પરીખ પ્રિયાંકભાઈ પંકજભાઈ (ઉ.૪૪ રહે. રાજમહેલ રોડ દે.બારીયા), (૧૯) પરમાર અજયભાઈ જવાહરભાઈ (ઉ.૬૬ રહે. હાથીખાના દે.બારીયા), (૨૦) પરમાર આશિષભાઈ અજયભાઈ (ઉ.૩૩ રહે. હાથીખાના દે.બારીયા), (૨૧) પરમાર હિમાંશુ જવાહરભાઈ (ઉ.૫૪ રહે. હાથીખાના દે.બારીયા), (૨૨) કાદિર મુઈજી પીટોલવાલા (ઉ.૨૫ રહે. મુરહાની મોહલ્લા દાહોદ), (૨૩) જાનુદ્દીન મોહમ્મદહુસેન પહાડવાલા (ઉ.૬૬ રહે. યશ માર્કેટ દાહોદ) આમ, આજના ઉપરોક્ત ૨૩ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે આરોગ્ય તંત્ર દ્વારા ઉપરોક્ત દર્દીઓના રહેણાંક વિસ્તાર સહિત તેઓના સંપર્કમાં આવેલ વ્યક્તિઓનું ટ્રેસીંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

રંગીલું ગુજરાત મારૂં રંગીલું ગુજરાત...

જીજ્ઞા કપુરીયા (નિયતી)

જયાં ઉત્તરે ગબ્બર ને પૂર્વે
પાવાગઢ હોય,
સાથે સોમનાથ અને
દ્વારકેશ હોય.
જયાં સાધુ સંત ને કેસરીનો
ગિરનાર હોય,
એવું રંગીલું ગુજરાત
મારૂં.....

જયાં તરણેતરનો ભાતીગળ મેળો હોય,
સાથે ભારતીય સંસ્કૃતિ હોય,
જયાં જતી સતીની વાતો વહેતી હોય,
જયાં રણમાં પણ મહોત્સવ હોય.....
એવું રંગીલું ગુજરાત મારૂં.....

જયાં ડાંગ લઈને ચારણકન્યા જાતી હોય,
સાથે સીમમાં ગોધન ટોળી હોય,
આંભલે મઢેલી નવરંગી ચુંદડી હોય,
કોડી ટાંકેલું કાપડુ ને ઘેરદાર ઘાઘરો હોય.....
એવું રંગીલું ગુજરાત મારૂં....

જયાં ગાંધીની જન્મભૂમિ હોય,
સાથે લોખંડી સરદાર પટેલ હોય,
વિક્રમ સારાભાઈ જેવાં વૈજ્ઞાનિક હોય,
અરે! મોદી જેવો વિશ્વગુરૂ હોય.....
એવું રંગીલું ગુજરાત મારૂ.....

જયાં સરિતા પણ પૂજાતી હોય,
સાથે શુરાની ગાથા ગવાતી હોય,
ઘુઘવાતાં સાગરમાં હૈયુ હિલોળે હોય,
જયાં માટી કેરી મહેક હોય.....
એવું રંગીલું ગુજરાત મારૂં.....

જયાં જીયાફત ઊંધિયાની ઉડતી હોય,
સાથે ગરમાગરમ ગાંઠિયા ને ફાફડા હોય
મેથીગોટાની ફોરમ ચોમેર પ્રસરી હોય,
જયાં ડાયરાની મહેફિલ જામી હોય.....
એવું રંગીલું ગુજરાત મારૂ.....

દે.બારીઆ તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની અનામત બેઠકોની ફાળવણીમાં OBC સમાજને અન્યાય કરાતા ફરિયાદ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચુંટણીમાં મતદાર મંડળ અનામત બેઠકોની ફાળવણીમાં સામાજીક શૈક્ષણિક રીતે પછાત (ઓ.બી.સી.) વર્ગને અન્યાય થયો હોવાની રજુઆત સાથે આજરોજ અખીલ ભારતીય કોળી સમાજ,દાહોદ દ્વારા જિલ્લા ચુંઠણી અધિકારી અને જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી ન્યાયની માંગણી કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, દાહોદ જિલ્લા, તાલુકા પંચાયતોના મતદાર મંડળની બેઠકોની ચુંટણી માટે મતદાર મંડળની રચના સીમાંકન તથા અનામત બેઠકો સહિતની ફાળવણી કરવા બાબતે ગ્રામ વિકાસ કમિશ્નર, ગુજરાત રાજ્ય , ગાંધીનગર તા.૦૩.૦૯.૨૦૨૦ તથા તા.૦૯.૦૯.૨૦૨૦ ના રોજ આદેશ બહાર પાડેલ છે. દેવગઢ બારીઆમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (ઓ.બી.સી.) ની સને ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૭૫.૧૩ છે.

આદેશમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (ઓ.બી.સી.) માટે દાહોદ જિલ્લા પંચાયત સીટ એખ પણ સીટ ફાળવેલ નથી તથા દેવગઢ બારીઆ તાલુકા પંચાયતની માત્ર ત્રણ તાલુકા સીટ બક્ષીપંચ અનામત જાહેર કરેલ છે જે ઓ.બી.સી.સમાજને હળાહળ અન્યાય સમાજ ગણાવી ન્યાયની માંગણી કરી હતી. વધુમાં જણાવ્યા અનુસાર, દેવગઢ બારીઆ તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ૨૮માંથી ૧૪ તાલુકા પંચાયત સીટ અનુસુચિત જાતિ અનામતની સામે કોળી સમાજે વાંધો દર્શાવ્યો છે. સમાજીક અન્ય શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તીનું બાહુલ્ય હોવા છતાં અન્ય જાતિના અનામત તરીકે બેઠક જાહેર કરવાથી સમાજમાં ખુબ મોટો વિરોધનો જુવાળ ઉઠેલ છે, તેટલી જ નહીં વસ્તીની બહુલતાવાળા સમાજને જનપ્રતિનિધિત્વ પ્રાપ્ત ના થાય તો તેની વિપરીત અસર દેવગઢ બારીઆ તાલુકામાં પડે તેમ જણાવ્યું હતુ. દેવગઢ બારીઆ તાલુકામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તી ૭૫.૧૩ ટકા જેટલી છે અને તેમને માત્ર ત્રણ આંકલી, બૈણા અને બારા આ અનામત સીટ જાહેર કરેલ છે. બાકીની ૧૦ સીટ સામાન્ય જાહેર કરેલ છે અને અનુસુચિત જાતિની પીપલોદને એક સીટ જાહેર કરેલ છે. વસ્તીની ટકાવારીના ધોરણે કુલ - ૨૮ તાલુકા પંચાયત સીટમાંથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને ૨૦ સીટ મળવાપાત્ર છે તો આ સમાજને રાજકીય ન્યાય મળે તેમ દેખાઈ આળે છે. તો કોળી સમાજની વસ્તીની ટકાવારીના ધોરણે ૨૦ સીટને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વગ્રના અનામત તરીકે જાહેર કરવા અને તથા તેમાં નિયમોનુસાર સ્ત્રી અનામત જાહેર કરવા આવેદનપત્રમાં રજુઆત કરી હતી.

ફતેપુરામાં ઘુઘસ ગામે ઘાસ કાપવાના મામલે ધિંગાણું મચાવી યુવતિ ઉપર બળાત્કાર ગુજારતા ખળભડાટ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામે ખેતરમાંથી ઘાસ કાપવા મામલે ગામમાં જ રહેતા ત્રણ જેટલા વ્યકિતઓ પોતાની સાથે તલવાર જેવા મારક હથિયારો સાથે ઘસી આવ્યા હતા અને ભારે ધિંગાણુ મચાવી એક ૨૦ વર્ષીય યુવતીને ઉપાડી નજીકના ખેતરમાં લઈ જઈ તેણીની મરજી વિરૂધ્ધ ત્રણ પૈકી એકે બળાત્કાર ગુજારતા પંથકમાં આ ઘટનાને પગલે ખળભળાટ મચી જવા પામ્યો છે.

ઘુઘસ ગામે રહેતા લાલસીંગભાઈ મગનભાઈ પારગી, રમેશભાઈ મકનભાઈ પારગી અને વાલસીંગભાઈ મગનભાઈ પારગીનાઓએ ગત તા.૧૨મી ઓગષ્ટના રોજ પોતાના જ ગામમાં રહેતા એક વ્યકિતના ઘરે તલવાર જેવા મારક હથિયારો સાથે ઘસી આવ્યા હતા અને બેફામ ગાળો બોલી, મારા ખેતરમાંથી ઘાસ કેમ કાપેલ, આજે તો તને જીવતો છોડવવાનો નથી, તેમ ઘરઘણીને ધાકધમકીઓ આપતો હતો. આ દરમ્યાન ઘરઘણીની ૨૦ વર્ષીય યુવતી ઘરમાં એકલી હોય અને તેના પિતા ઘરે હાજર ન હોવાને કારણે ઉપરોકત ત્રણેય વ્યકિતઓએ ભારે ધિંગાણુ મચાવ્યા બાદ આ ૨૦ વર્ષીય યુવતીને ઉપાડી નજીકના ખેતરમાં ઘસડી લઈ ગયા હતા. આ દરમ્યાન એક મહિલા યુવતીને છોડવવા વચ્ચે પડતાં ઉપરોકત ત્રણેય જણાએ મહિલાને લાપટો ઝાપટો મારી હતી. યુવતીને ખેતરમાં લઈ જઈ રમેશભાઈ પારગીએ યુવતીને પકડી રાખી અને વાલસીંગભાઈ પારગીએ યુવતીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો અને મારી નાંખવાની ધમકી આપી આ ત્રણેય વ્યકિતઓ નાસી ગયા હતા.

આ સંબંધે બળાત્કારનો ભાગે બનેલ ૨૦ વર્ષીય યુવતીએ ઉપરોકત ત્રણેય વ્યકિતઓ વિરૂધ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લીમખેડાના અંધારી ગામેથી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

લીમખેડા,

લીમખેડા તાલુકાના અંધારી ગામમાં સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા બાતમીના આધારે રેડઈ કરી ઘરમાંથી ૨.૦૨૦ લાખથી વધુના દારૂ સાથે એકની ઘરપકડ કરી કુલ ત્રણ સામે ગુનો નોંધી લીમખેડા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સ્ટેટ મોનિટરીંગ સેલના પીએસઆઈ ચૌધરી એસઆરપીના જવાનો સાથે દાહોદ જિલ્લામાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન અંધારીનો લક્ષ્મણ ડામોર મળતીયાઓ દ્વારા લીમખેડાથી ધાનપુર જવાના રોડ પર અંધારી ગામે મકાનની બાજુમાં નિલગીરીવાળા ખેતરમાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની બાતમી મળી હતી. તેના આધારે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતાં નિલગીરીના ખેતરમાં ઉમરીયા ઘાટીના ભીમસીંગ મનસુખ સંગાડા હાજર મળતા તેને કોર્ડન કરી પકડી પાડયો હતો. તેની પાસેથી પ્લાસ્ટીકના કંતાનમાંથી દારૂનો જથ્થો એક નંબર વગરની મોટરસાઈકલ મળી આવી હતી. બીજા દારૂના જથ્થા વિશે પુછપરછ કરતાં અંધારીના કોળઈ ફળિયામાં રહેતા લક્ષ્મણ ડામોરના ઘરમાં હોવાનું જણાવ્યું હતુ. લક્ષ્મણ ડામોરના ઘરે જતાં પોલીસને જોઈ તે ઘર ખુલ્લુ મુકી ભાગી ગયો હતો. જ્યારે પોલીસે ઘરમાં તપાસ કરતાં નાની મોટી કાચની તથા પ્લાસ્ટીકની ૧૫૧૮ નંગ બોટલ તથા બીયરના ટીન ૬૫૩ નંગ મળી કુલ ૨૧૭૧ નંગ બોટલ જેની કિંમત ૨,૨૦,૪૦૦ ની કિંમતની પ્રોહી મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો તેમજ એક મોબાઈલ, એક મોટરસાઈકલ, અને અંગઝડતીમાં ૨૩૭૦ મની કુલ ૨,૫૩,૨૭૦ ના મુદ્દામાલ સાથે એક ઈસમની અટક કરી કુલ ત્રણ ઈસમો વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધાયો હતો.

દે.બારીઆ શહેરમાં ફરી બે કન્ટેનમેન્ટ ઝોન થયા પતરાની આડ કરવામાં આવી

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં છેલ્લા બે દિવસમાં રોકેટ ગતિએ કુદકે ભુસકે કોવિડના કેસોમાં વધારો નોંધાયો છે. તે શહેરની પ્રજા માટે ગંભીર બાબત સાથે ચેતી જવાનું બ્યુગલ વાગી ગયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆમાં સૌ પ્રથમ નવા ઠાકોરવાડામાં આયાતી કેસ મળતા કન્ટેનમેન્ટ ઝોન ઘોષિત કરાયો હતો. ત્યારે બાદ સ્ટેશન શેરી, સાંકડી શેરી સાથે પાંચ થી સાત ઝોન થવા પામ્યા હતા. હાલમાં બે દિવસમાં બે નવા કન્ટેનમેન્ટ ઝોન થતા નગર પાલિકા દ્વારા પતરાના શેડની આડ કરી દેવામાં આવી છે. બજાર શેરી, તેમજ ગલાલીયા કુવા પાસે થઈ બે કન્ટેનમેન્ટ ઝોન થતાં આસપાસના ઘરો ૨૮ દિવસ માટે કેદ થશે તે વાત નકકી છે કે, પછી આ કન્ટેનમેન્ટના પતરાની આડમાં પણ છીંડા થઈ જશે તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. હવે આરોગ્ય વિભાગ તથા નગરપાલિકા તંત્રના જાહેર સ્થળો જેવાં કે બેંકો, ઓફિસો ખાસ કરી મામલતદાર ઓફિસમાં ઘણી ભીડ જોવા મળે છે. ત્યાં સેનેટાઈઝર કરવામાં આવે તેવી આમ જનતામાં માંગ ઊઠવા પામી છે.

તસ્વીર : હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 21

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ જીલ્લામાં વધુ ૩૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૧૯૧૩ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૩૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૩૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૧૯૧૩ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૩૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૨, હાલોલ-૧૧, કાલોલ-૦૫, ઘોઘંબા-૦૧, શહેરા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૧૨, હાલોલ-૧૧,
કાલોલ-૦૫, ઘોઘંબા-૦૧, શહેરા-૦૧.

- ૫૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૬૮.
- મૃત્યુ આંક - ૯૫.

પંચમહાલ જીલ્લાના કોરોના મહામારીમાં ફ્રન્ટ લાઈનના કોરોના વોરીયર્સ જીલ્લા કલેકટર કોરોના સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. પ્રતિદિન કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે ફ્રન્ટ લાઈનના કોરોના વોરીયર્સ જીલ્લા કલેકટરનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જીલ્લા કલેકટરનો પોઝીટીવ રીપોર્ટ આવતાં હોમ આઈસોલેટ કરવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમિત કેસ વધી રહ્યા છે. જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા રાત દિવસ એક કરીને કોરોના સંક્રમણને અટકાવવા માટે આરોગ્ય વિભાગને કામે લગાડવામાં આવ્યું છે. ત્યારે કોરોના મહામારી વચ્ચે રાત દિવસ કોરોના મહામારીને નાથવા માટે કામગીરી કરવા ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સ પણ કોરોના સંક્રમણનો ભોગ બની રહ્યા છે. જીલ્લામાં કોરોના મહામારીને રોકવા અને કાબુમાં કરવા સંક્રમણ અટકાવવા માટે પ્રતિબધ્ધ હોય તેવા ફ્રન્ટ લાઈન કોરોના વોરીયર્સ એવા પંચમહાલ જીલ્લા કલેકટર અમિત અરોરાને કોરોના સંક્રમણના પ્રાથમિક લક્ષણો જોવા મળ્યા છે. કોરોના સંક્રમણના લક્ષણો લાગતા જીલ્લા કલેકટર હોમ આઈસોલેટ થયા છે. પંચમહાલ જીલ્લામાં કોરોના મહામારીમાં ફ્રન્ટ લાઈનના કોરોના વોરીયર્સ કોરોના સંક્રમણનો ભોગ બની રહ્યા છે. ત્યારે કોરોના મહામારીને ગંભીરતાથી લઈને સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્કનો ઉપયોગ કરે તે જરૂરી છે.

-: ગોધરા :-

મનીષ વીરાભાઈ ગોડ-૭૮ વર્ષીય પુરૂષ- બસ જેલ ગોધરા, અવતાર અરોરા-૭૦ વર્ષીય પુરૂષ-કલેકટર ઓફિસ, લીલાબેન એમ.રાઠોડ-૫૮ વર્ષીય મહિલા-શીવમ સોસાયટી, મુન્નાભાઈ યુસુફભાઈ મીઠા-૨૮ વર્ષીય પુરૂષ-દારૂલ સલામ મસ્જીદ, કુમકુમ વિજયકુમાર મગનાણી-૧૩ વર્ષીય યુવતિ-કૃષ્ણનગર સોસાયટીપાસે- બામરોલી રોડ, ધીરજ પ્રકાશભાઈ મગનાણી-૧૨ વર્ષીય પુરૂષ- કૃષ્ણ નગર સોસાયટી પાસે -બામરોલી રોડ, કમલેશ પ્રતાપસિંહ બારીઆ-૩૭ વર્ષીય પુરૂષ-ગોધરા, ધર્મરાજ દલપત નરસિંહ રાહુલજી-૨૫ વર્ષીય પુરૂષ-લીમડા ફળીયું રતનપુર કાંટડી, શૈલેષ કાનજી ખેંગાર પરમાર-૨૮ વર્ષીય પુરૂષ-મોરવા ભકતી નગર, મનહરલાલ જીવનલાલ બારોટ-૬૫ વર્ષીય પુરૂષ-ચંચેલાવ બારોટ ફળીયું, પ્રીયા ભાવિનકુમાર પરમાર-૨૭ વર્ષીય મહિલા-બહારપુરા.

-: હાલોલ :-

ધીરેન અતુલકુમાર પંડયા-૩૧ વર્ષીય પુરૂષ-૪૪/૪૫ રત્નદીપ સોસાયટી, શાંતાબેન વિઠ્ઠલદાવ પટેલ-૫૯ વર્ષીય મહિલા-આનંદ નગર, રણવીર સુરેન્દ્રસિંહ રાઠોડ-૩૦ વર્ષીય પુરૂષ-૪૭-ઉલ્લાસ નગર, અનિલ એસ. મોરી-૪૪ વર્ષીય પુરૂષ-૧૯૭/૨ શિવાશીશ પાર્ક, જયેશ કાછીઆ-૨૫ વર્ષીય પુરૂષ-કાછીઆવાડ કંજરી,અક્ષયભાઈ પટનવાડીયા-૨૬ વર્ષીય પુરૂષ-ઠાકોર ફળીયા, સોમદત્ત વેદપ્રકાશ શર્મા-૪૮ વર્ષીય પુરૂષ-૧૬૬/શિવાંશશ પાર્ક, સુથાર શિવાંસકુમાર માથુરદાસ-૮૩ વર્ષીય પુરૂષ-૪૬ શેરોન પાર્ક કંજરી, સુથાર પુરૂષોતમદાસ માથુરદાસ-૭૭ વર્ષીય પુરૂષ-૪૪/૪૫ શેરોન પાર્ક કંજરી.

-: કાલોલ :-

અરૂણાબેન પ્રમોદચરાય જોશી-૬૬ વર્ષીય મહિલા- વલ્લભ નગર સોસાયટી, રીતુબેન સુરેન્દ્રભાઈ ગોહિલ-૪૭ વર્ષીય મહિલા-મહેશ નગર, પ્રતિક કિરીટભાઈ કાછીઆ-૨૧ વર્ષીય પુરૂષ-કાછીઆવાડ,સંદિપકુમાર રમેશભાઈ વરીઆ-૨૬ વર્ષીય પુરૂષ-સ્કુલ ફળીયા કંડાચ, કુણાલભાઈ ઠાકોરભાઈ કનોજીયા-૨૫ વર્ષીય પુરૂષ-કાલોલ પોલીસ સ્ટેશન.

-: ઘોઘંબા :-

રાઠવા ગણપતભાઈ મકનાભાઈ-૨૬ વર્ષીય પુરૂષ-ખરોદ.

-: શહેરા :-

ચૌહાણ રાજપાલસિંહ રાજેન્દ્રસિંહ-૨૯ વર્ષીય પુરૂષ-બાહી.

હાલોલ સ્ટેશન રોડ વિસ્તારમાંથી પકડાયેલ

ગોળનો જથ્થો પરીક્ષણમાં અખાદ્ય હોવાનો રિપોર્ટ આવતા ચાર વ્યકિતઓ સામે ગુનો

હાલોલ, હાલોલ સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ કનૈયા પ્રોવિઝન સ્ટોરમાંથી ૬ ઓગસ્ટના રોજ હાલોલ પોલીસે બાતમીના આધારે અખાદ્ય ટોળનો જથ્થો ઉતારતા એક ટેમ્પાને રંગેહાથે ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલ ગોળમાંથી સેમ્પલો લઈ એફ.એસ.એલ.ના પ્રરીક્ષણમાં ગોળ સડેલો અખાદ્ય હોવાનો રિપોર્ટ આપતા સોમવારે પુણે-મહારાષ્ટ્રની એક ટ્રેડિંગ કંપની સહિત ચાર વ્યકિતઓ સામે હાલોલ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૬ ઓગસ્ટના રોજ હાલોલ પોલીસ પેટ્રોલિંગ કરી રહે હતી તે દરમિયાન પોલીસને બાતમી મળતા પોલીસ સ્ટેશન રોડ વિસ્તારમાં આવેલ કનૈયા પ્રોવિઝન સ્ટોર નામની દુકાન ખાતે છાપો મારતા કનૈયા પ્રોવિઝન સ્ટોરમાં એક ટેમ્પોમાંથી ગોળના બોકસનો જથ્થો દુકાનમાં ખાલી કરાઈ રહ્યો હતો. જેમાં ટેમ્પો સહિત ગોળના બોકસનો જથ્થો મળી કુલ રૂ.૯૩,૫૦૦/-પોલીસે મુદ્દામાલ ઝડપી પાડી જાણવા જોગ ફરિયાદ દાખલ કરી ઝડપાયેલ ગોળમાંથી સેમ્પલો લઈ એફ.એસ.એલ.વાનમાં ગોધરા ખાતે પૃથ્થકરણ માટે મોકલી આપ્યા હતા. જેમાં એફ.એસ.એલ.દ્વારા ઉપરોકત સેમ્પલ વડોદરા ખાતે આવેલ એફ.એસ.એલ.ની કચેરી ખાતે મોકલી આપ્યા હતા. જેમાં સેમ્પલો મેળવી તેનુ પૃથ્થકરણ કરી વડોદરા એફ.એસ.એલ.કચેરીના સાયન્ટિફિક ઓફિસર કમ આસિસ્ટન્ટ કેમિકલ એકઝામીનર ટુ ગવર્મેન્ટ અધિકારી અને.બી.મિસ્ત્રીએ પોતાનો પ્રાથમિક રિપોર્ટ હાલોલ પોલીસ મથકને સુપરત કર્યો હતો. જેમાં તેઓના રિપોર્ટ મુજબ પોતાનો અભિપ્રાય આપેલ જેમાં નમુના માર્ક એ-વન-બી-વન-બી-ટુ-સી-વન-સી-ટુ અને સી-થ્રીમાં ના સેમ્પલનો ગોળ સડેલો અને અખાદ્ય હોવાનુ પુરવાર થયુ હતુ હતુ. જેને લઈ સોમવારે હાલોલ પોલીસે ટેમ્પો ચાલક મો.સાદિહ અહેમદ હુસેન મકરાણી કનૈયા પ્રોવિઝન સ્ટોરના સંચાલક કલ્પેશકુમાર સુખરામ શાહ તેમજ ગોળ મંગાવવા અને આપવા માટે સંડોવાયેલ અંકિતકુમાર અશ્વિનભાઈ મહેતા રવજીકુમાર પરમાર સહિત પુણે-મહારાષ્ટ્રની મેઘહર્સ ટ્રેડિંગ કંપની જનરલ મર્ચન્ટ એન્ડ કમિશન એજન્ટ સામે સડેલા અખાદ્ય ગોળ જથ્થાનો રિપોર્ટ આવતા ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા ભામૈયા મંદિર પાસે પોલીસે PRESS લખેલ અલ્ટો કારમાંથી દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

ગોધરા, ગોધરા ભામૈયા ત્રિમંદિર જવાના માર્ગ ઉપર બાતમીના આધારે જીલ્લા પોલીસ દ્વારા નાકાબંધી કરવામાં આવી હતી. બાતમીવાળી અલ્ટો પ્રેસ લખેલ ગાડીને ઝડપી હતી. અલ્ટો ગાડીના ચેકીંગ દરમ્યાન કાર માંથી ઈંગ્લશી દારૂ કવાટરીયા પેટી નંગ-૭ કિંમત ૩૫,૨૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા જીલ્લા પોલીસને બાતમી મળી હતી કે, ગોધરા ત્રિમંદિર તરફથી અલ્ટો કાર નંબર જીજે.૬.સીબી.૯૬૮૨ ઉપર પ્રેસ લખેલ છે. જેમાં દારૂનો જથ્થો ભરેલ છે અને ભુરાવાવ તરફ આવી રહી છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી પોલીસે નાકાબંધી કરી હતી. નાકાબંધી દરમ્યાન બાતમીવાળી પ્રેસ લખેલ અલ્ટો ગાડીને રોકીને ગાડીમાં બેઠેલ રાકેશભાઈ પરમાભાઈ પારગી રહે. ડુંગર તળ ફળીયું, તા.ફતેપુરા, જીગ્નેશભાઈ મોચજીભાઈ પારગીને ઝડપી પાડયા હતા. પોલીસે અલ્ટો ગાડીની તપાસ કરી હતી. કારમાંથી ઈંગ્લીશ દારૂ કવાટરીયા પેટી નંગ-૭ કિંમત ૩૫,૨૮૦/-રૂપીયા તથા કાર મળી કુલ ૧,૧૫,૨૮૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ ઈસમોની પુછપરછ કરતાં દારૂનો જથ્થો સીજાન ઉર્ફે ટેણી સીરાજ મલેક રહે. ખાડી ફળીયા ગોધરા એ સંતરામપુર બસ સ્ટેન્ડ પાસેથી ભરી આવેલ છે અને સીજાન ઉર્ફે ટેણી સીરાજ મલેક બાઈક ઉપર ગોધરા સુધી પાયલોટીંગ કરતો હતો. જે પોલીસની નાકાબંધી જોઈ નાશી છુટેલ હતો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

કલરવ સ્કૂલની વિદ્યાર્થીની માહી પરમાર વેશભૂષા સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ

તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા, ગોધરાની કલરવ સ્કૂલની વિદ્યાર્થીની કુ. માહી મહેન્દ્રકુમાર પરમારે તાજેતરમાં ગોધરા ખાતેસંસ્કાર ભારતી સંસ્થા દ્વારા યોજાયેલ જિલ્લાકક્ષાની વેશભૂષા સ્પર્ધામમાં પ્રથમ નંબર મેળવ્યો છે. ઓનલાઈન યોજાયેલ સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમ અમન ડે સ્કૂલ ખાતે આજે સંપન્ન થયો. જેમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રચારક હરીશભાઈ રાવલ, પરિમલજી પાઠક તથા અમન ડે સ્કૂલના પિન્ટુભાઈ જાનીના વરદ હસ્તે સ્પર્ધકોને સન્માનવામાં આવ્યા હતા. જેમાં કુ. માહી પરમારને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ છે. કલા સાહિત્યના વિકાસ માટે કામ કરતી સંસ્કાર ભારતી સંસ્થા દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં નિર્ણાયિકો સહિત ડો રૂપેશ નાકર' સંગીત ગૃપના ગોપાલભાઈ પટેલ આકાશવાણીના ઉદઘોસક અને મૂર્તિકાર કિરણ ચાંપાનેરીયા સહિત મહાનુભાવોએ બાળકોને બિરદાવ્યા હતા. સંચાલન ડો. રૂપેશ નાકરે કર્યુ હતું.

શહેરા તાલુકાના ખોજલવાસા ગામના ખેડુતના ખેતરમાંથી મોટી માત્રામાં ગાંજાના છોડનો જથ્થો ઝડપ્યો

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના ખોજલવાસા ગામના સુથાર ફળીયામાં રહેતા ખેડુતના ખેતરમાં ગેરકાયદેસર રીતે ગાંજાની ખેતી કરવામાં આવી છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન મોટી માત્રામાં લીલા ગાંજાના છોડનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ખોજલવાસા ગામે રહેતા બકુલભાઈ બારીયા એ કમાવાની લાલચે પોતાની માલિકીના ખેતરમાં ગાંજાની ખેતી કરવામાં આવી છે. તેવી બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસ દ્વારા બકુલભાઈ બારીયાના ખેતરમાં રેડ કરવામાં આવી હતી. અને ખેતરમાં વાવેતર કરેલ લીલા ગાંજાના મોટી માત્રામાં છોડ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા સ્થળ ઉપર વજન કાંટો મંગાવીને લીલા ગાંજાના છોડનું વજન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. પોલીસ દ્વારા ખેતર માલિક બકુલભાઈ બારીયાની ધરપકડ કરી ગાંજાના છોડના બીજ કોના દ્વારા આપવામાં આવ્યા. તેની તપાસ હાથ ધરી છે. ખોજલવાસા ગામે ખેતરમાં ગાંજાની ખેતી કરતાં ઝડપાયેલા ખેતર માલિકીની પૂછપરછમાં અનેક ઈસમોના નામો બહાર આવી શકે છે. આ સાથે પોલીસે શહેરા તાલુકાના અન્ય કેટલા ગામોમાં ગેરકાયદેસર રીતે ગાંજાની ખેતી કરવામાં આવી રહી છે. તેની ગુપ્ત રાહે તપાસ હાથ ધરવામાં આવી છે. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અને મકાન વિભાગની બેદરકારી સામે આવી

દે.બારીયા શહેરમાંથી પસાર થતો બે દરવાજા રોડના ગરનાળાની સેફટી દિવાલ તુટેલી હોવાથી અકસ્માત થવાનો ભય

દે.બારીઆ, દે.બારીયા ભે દરવાજા વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તક આવેલો રોડનો ગરનાળાની દિવાલ તુટીને હાલતમાં છેલ્લા એક વર્ષના સમયથી છે. તો પણ તેના સમાર કાર્ય કરવામાં આવતું નથી. તેમજ ભયનું ચિન્હનું સીંગલ અથવા રેક ઝુંડી પણ મૂકવામાં આર્ગ અને મકાનના કાર્ય પાલક ઈજનેરને ફૂરસત નથી. જેથી અકસ્માત થવાનો ભય રહેલો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ૨૦૦૮ની સાલમાં આ ગરનાળામાં એક બાઈક સવાર ખાબળતા વરસાદી પાણીમાં તણાઈ ગયો હતો. તે કેટલા સમય બાદ મળ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીઆ માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો રોડ જે આર.સી.સી.નો બનેલો છે અને ગરનાળું છે. તેની દિવાલ તૂટી ગઈ છે. જે કયારે અકસ્માત નોતરશે તે વાત નક્કી છે. તો પણ મા અને મકાન વિભાગ જાગૃત નથી. તેમજ આ રોડ ગત વર્ષોમાં આર.સી.સી.નો બનેલો છે. તેની રીપેરીંગ કાર્ય સીમેનટના બદલે ડામર કપચી થી કરાય છે. તે વ્યાજબી ખરો તે આમ જનતા લાગતા વળગતા પદના અધિકારીઓને પૂછે છે.

આ માર્ગ દે.બારીઆ તાલુકાના સાગટાળા થઈ ક્વિડીયા સુધી બનાવવો જોઈએ. તે પણ પૂરેપૂરો બનતો નથી. ઉદેપુરના ઝોઝ મંડલવામાં આ માર્ગ મળે છે. દાહોદ જીલ્લા માંથી વડોદરા જીલ્લાને જોડતો આ માર્ગ ખાડા પડેલા છે. તો પણ ખાડામાં રોડ છે કે રોડમાં ખાડા છે. તે જનતામાં ગણગણાટ જોવા મળે છે. જેથી આ રોડ બને તેવા પ્રયત્નો થશે ખરા કે પછી ઠિગડા ઠિગળી કરી લીપાપોતી કરી ફરજમાંથી મૂક્તી મેળવી લેવાશે. તે તો આપનારો સમય કહેશે.

જાંબુઘોડાના મસાબાર ગામે દિપડીએ બાઈક ઉપર હુમલો કરતા પાછળ બેઠેલ મહિલાને ગંભીર ઈજાઓ

જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકાના મસાબાર ગામે દિપડીએ એક મોટર સાયકલ ઉપર હુમલો કરી મહિલાને ગંભીર રીતે ઘાયલ કરતા મહિલાને સારવાર અર્થે બોડેલી ખસેડવામાં આવી હતી. મસાબર ગામે રહેતી કાળીબેને મજુરી અર્થે બહાર ગામ જવાનુ હોય તેમના કાકાના દિકરા મંગાભાઈ પોતાની મોટર સાયકલ લઈ તેઓને બસમાં બેસાડવા બોડેલી જઈ રહ્યા હતા. ત્યારે મસાબ અને ખોડસલ ગામ વચ્ચે બચ્ચા સાથે ફરતી દિપડીએ હુમલો કરતા મંગાભાઈ મોટર સાયકલ સાથે નીચે પડ જતાં દિપડાએ કાળીબેન ઉપર હુમલો કરતા કાળીબેનની બુમાબુમ સાંભળી આજુબાજુમાંથી ગ્રામજનો દોડી આવતા ગ્રામજનોના શોરબકોરથી દિપડી અને બે બચ્ચા ત્યાંથી ભાગી છુટ્યા હતા. અને તેમાંથી એક બચ્ચુ ભાગવા જતા નજીકમાં આવેલ કુવામાં પડી ગયુ હતુ. કાળીબેનને દિપડાએ ખભા માથામાં તેમજ બરડામાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બનાવની જાણ જાંબુઘોડા વન્યપ્રાણી વિભાગને થતાં તેનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યા હતો. જયારે કાળીબેનને તાત્કાલિ સારવાર અર્થે બોડેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયારે કુવામાં પડેલ દિપડીના બચ્ચાને વન્યપ્રાણી વિભાગ બચાવી લઈ બહાર કાઢ્યુ હતુ. કુવામાં પડેલ દિપડાના બચ્ચાને પગમાં ઈજાઓ થતાં તાત્કાલિક ડોક્ટર પાસે સારવાર કરાવી હતી. છેલ્લા દસ દિવસમાં આજ વિસ્તારમાં દિપડીએ મોટર સાયકલ ઉપર હુમલાઓ કરવાની આ બીજી ઘટનાથી આજુબાજુના ગામડાઓના રહિશોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ઘોઘંબાના મેઘલીયા ગ્રામ પંચાયતે વિકાસના કામો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના પાચપથરા ગામ પાસે આવેલા મેઘલિયા ગામમાં વર્ષોથી ત્યાના જંગલ વિસ્તારમાં કોઈ જ રસ્તો નથી ત્યાંના સરપંચ દ્વારા અગાઉ પણ લોકોને મરેલ વ્યકિતઓના નામે આવાસો મંજુર કરાવી પૈસા પડાયાના આક્ષેપો થવા પામ્યા હતા.

આજે પણ ઘોઘંબા તાલુકાના મેઘલીયા ગામમાં રસ્તાઓને લઈને ઝઘડાઓ ચાલ્યા કરે છે. આ ગામના રહિશોને રસ્તાઓ ન હોવાની આવવા-જવામાં તથા ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આવતી ન હોવાથી અહિંની પ્રજાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

ત્યારે ગામના સરપંચ દ્વારા આરોપોને ફગાવી દેવામાં આવતા તેમનુ કહ્યુ હતુ કે, મેઘલિયા ગામમાં દરેકની પોતાની માલિકીની જગ્યાઓ હોવાથી તેઓ પોતાની જગ્યાએ પર રસ્તાઓ બનાવવા માટેની મંજુરી આપવામાં આવતી નથી જેથી કરીને ઘોઘંબા તાલુકાના આ મેઘલિયા ગામમાં આજ સુધી રસ્તાઓ બની શકયા નથી. જો ગામના લોકો દ્વારા અમોને રસ્તાઓ બનાવવા મંજુરી આપવામાં આવે તો અમે પણ કામ કરવા માટે તૈયાર છે. ત્યારે મેઘલીયા ગામમાં આવતી ગ્રાન્ટોનો કોઈપણ લોકોઉપયોગી કાર્યો ન થતા હોવાના આક્ષેપ ગામના ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહ્યા છીએ.